# સુનિલ ગાવસ્કર બીસીસીઆઈના વડા



નવીદિલ્હી,તા. ૨૭

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન સુનિલ ગાવસ્કરે આજે કહ્યું હતું કે તે કોઇપણ પડકારનો સામનો કરવા માટે તૈયાર છે. ગાવસ્કરે કહ્યું હતું કે તે એક ઓપનિંગ બેટ્સમેન તરીકે રહ્યો છે જેથી કોઇપણ ભૂમિકા માટે તૈયાર છે. સુપ્રીમ કોર્ટે આજે એન શ્રીનિવાસનની જગ્યાએ બીસીસીઆઇના વચગાળાના અધ્યક્ષ તરીકે સુનિલ ગાવસ્કરના નામ ઉપર દરખાસ્ત મુકી હતી. ગાવસ્કર પણ આ જવાબદારી અદા કરવા માટે તૈયાર છે. ગાવસ્કરે કહ્યું છે કે તે દેશની ટોચની અદાલતના આદેશને પાળીને ખુશ થશે અને સમ્માન અનુભવ કરશે. ગાવસ્કરે એમ પણ કહ્યું હતું કે જો સુપ્રીમ કોર્ટ કેટલાક આદેશ આપે છે તો તેને માનવા જરૂરી છે. સુનિલ ગાવસ્કર હાલમાં બીસીસીઆઇ સાથે કોમેન્ટેટર તરીકે કરાર ધરાવે છે પરંતુ સુપ્રીમ કોર્ટ ઇચ્છે છે કે તેઓ કોઇ જવાબદારી સંભાળે તે જરૂરી છે. જો કોર્ટ કોઇ મોટી જવાબદારી સોંપે છે તો તે જવાબદારી અદા કરવા તે તૈયાર છે.

ગાવસ્કરે એમ પણ કહ્યું હતું કે, તેઓ માને છે કે, જ્યાં સુધી દોષિત સાબિત થતાં નથી ત્યાં સુધી શ્રીનિવાસન નિર્દોષ છે. બીજી બાજુ સુપ્રીમ કોર્ટે આજે બીસીસીઆઇના અધ્યક્ષ શ્રીનિવાસનને મોટો ફટકો આપ્યો હતો. કોર્ટે શ્રીનિવાસનની જગ્યાએ ભૂતપૂર્વ કેપ્ટન સુનિલ ગાવસ્કરને બોર્ડ પ્રમુખ બનાવવા અને સટ્ટાબાજી તથા સ્પોટ ફિક્સિંગના મામલા પેન્ડિંગ રહે ત્યાં સુધી ચેન્નાઇ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સને સસ્પેન્ડ રાખવાની દરખાસ્ત મુકી હતી. કોર્ટે કહ્યું હતું કે, તે ચેન્નાઇ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સને ૧૬મી એપ્રિલથી શરૂ થઇ રહેલા આઇપીએલ-૭ ટુનર્મિન્ટમાં ભાગ લેવાથી રોકવાના ઇચ્છુક છે. સીએસકેના માલિક ઇન્ડિયા સિમેન્ટ છે જેના પ્રમોટર્સ શ્રીનિવાસન છે જ્યારે રોયલ્સ ટીમના અધિકારી અને ખેલાડી આ વિવાદમાં સામેલ રહ્યા છે. ન્યાયમૂર્તિ એકે પટનાયકના નેતૃત્વ વાળી પીઠે પોતાના જમાનાના દિગ્ગજ ક્રિકેટ સુનિલ ગાવસ્કરને બોર્ડના અધ્યક્ષ બનાવવાની દરખાસ્ત જારી કરી હતી. તમામ દલીલો સાંભળ્યા બાદ ત્રણ વચાગાળાની દરખાસ્ત મુકી છે.

**મોદીને નિહાળવા માટે ભારે પડાપડી થઇ**

## બિહારના ગયામાં મોદીની રેલીમાં હળવો લાઠીચાર્જ

ગયા, પટણા,તા. ૨૭

નરેન્દ્ર મોદીની રેલીમાં ભીડને અંકુશમાં લેવા માટે પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. જો કે, કોઇપણ કોઇ ઈજા થઇ ન હતી. ભીડમાં સામેલ થયેલા લોકો નરેન્દ્ર મોદીની નજીક પહોંચવા ઈચ્છુક હતા. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ગાંધી મેદાનમાં ક્ષમતા કરતા વધારે લોકો એકત્રિત થઇ ગયા હતા. નારાજ થયેલા લોકોએ ખુરશીઓ ફેંકી હતી. મોદીને નિહાળવા માટે અફડાતફડીની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. બિહારના ગયામાં આજે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની રેલી દરમિયાન હોબાળો મચી ગયો હતો. મોદી મંચ ઉપર પહોંચ્યા બાદ ભીડ બેકાબુ થઇ ગઈ હતી અને નાસભાગ મચી ગઈ હતી. મોદીની હાજરીમાં ભાગદોડ આશરે ૨૦થી ૨૫ મિનિટ સુધી ચાલી હતી. કેટલાક લોકો પત્થરમારો કરતા પણ નજરે પડ્યા હતા. પોલીસને હળવો લાઠીચાર્જ



કરવાની ફરજ પડી હતી. ગયા રેલીમાં મોદીને મળવા અને સાંભળવામાં મોટી સંખ્યામાં લોકો પહોંચી ગયા હતા. રેલી સ્થળ ઉપર અવ્યવસ્થા ફેલાઈ ગઈ હતી. કેટલાક લોકો મંચની આગળ તરફ વધ્યા હતા જેથી પોલીસે તેમને રોકવાના પ્રયાસ કર્યા હતા. પોલીસની પુરતી વ્યવસ્થા નહીં હોવાના કારણે પણ આ સ્થિતિ સર્જાઈ હતી. સામાન્ય રીતે મોદીની રેલીમાં સંયમ દાખવનાર લોકો પહોંચે છે પરંતુ આજે સ્થિતિ બેકાબૂ થઈ ગઈ હતી. પોલીસને ધક્કો મારીને મિડિયાના લોકો પણ આગળ વધી ગયા હતા. ટોળાએ પથ્થરમારો કર્યો હતો. ડેરીકેન પણ તોડી દેવામાં આવ્યા હતા. મોદી મંચ ઉપર ઉપસ્થિત રહીને આ બાબત નિહાળી રહ્યા હતા. મંચ ઉપર ઉપસ્થિત રહેલા સુશીલકુમાર મોદીએ શાંતિ જાળવી રાખવા લોકોને અપીલ કરી હતી પરંતુ તેમની અસર જોવા મળી ન હતી. આશરે ૨૦-૨૫ મિનિટ બાદ સ્થિતિ કાબૂમાં આવી હતી. ત્યારબાદ જ મોદીએ તેમના ભાષણની શરૂઆત કરી હતી. મોદીએ આજે બિહારમાં બે જગ્યાએ અને ઝારખંડમાં રેલી યોજી હતી.

## ભારત-બાંગ્લાદેશની વચ્ચે આજે મીરપુરમાં જંગ થશે

મીરપુર,તા. ૨૭

આઈસીસી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપમાં આવતીકાલે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે જંગ ખેલનાર છે. પાકિસ્તાન અને વિન્ડિઝ સામે શાનદાર જીત મેળવી બાદ ભારતીય ટીમના ખેલાડીઓનો નૈતિક જુસ્સો ખુબ ઉચો છે. આવતીકાલની મેચમાં પણ ધોનીની ટીમ જીતના ઈરાદા સાથે મેદાનમાં ઉતરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. ભારતીય ટીમની છાવણીમાં એક માત્ર નિરાશા યુવરાજસિંહના ફોર્મને લઈને છે. યુવરાજ હજુ સુધી ફ્લોપ રહ્યો છે પરંતુ સુરેશ રૈના ફોર્મમાં આવી ગયા બાદ ટીમ ઈન્ડિયાને મોટી રાહત થઈ ગઈ છે. શિખર ધવન, રોહિત શર્મા પાસેથી પણ સારા દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે. બીજી બાજુ યજમાન ટીમ ઘરઆંગણે સ્થાનિક ચાહકો વચ્ચે સારા મૂડમાં દેખાઈ રહ્યા છે. પોતાના ચાહકોની ઉપસ્થિતિમાં બાંગ્લાદેશની ટીમ પણ નોંધપાત્ર દેખાવ કરવા સજ્જ છે. જો કે, ભારતીય ટીમ હોટફેવરિટ તરીકે મેદાનમાં ઉતરશે. અલબત્ત ટ્વેન્ટી-૨૦ મેચના સ્પેશિયાલિસ્ટ બેટ્સમેન યુવરાજસિંહના ફોર્મને લઈને ચિંતા પ્રવર્તી રહી છે. સુરેશ રૈના ટીમમાં પરત ફર્યા બાદ શાનદાર ફોર્મ સાથે આવ્યો છે. બાંગ્લાદેશની ટીમ પાસેથી શાકીબ અલ હસન અને તામીમ ઈકબાલ જેવા પ્રતિભાશાળી બેટ્સમેન છે જે ટીમને મુશ્કેલીમાં મુકવાની ક્ષમતા ધરાવે છે. મેચને લઈને સઘન સુરક્ષા રાખવામાં આવી છે.

**ભારતીય ટીમ :** ધોની (કેપ્ટન), વરુણ આરોન, અશ્વિન, સ્ટુઅર્ટ બિન્ની, શિખર ધવન, રવિન્દ્ર જાડેજા, વિરાટ કોહલી, ભુવનેશ્વર કુમાર, અમિત મિશ્રા, મોહમ્મદ સામી, રહાણે, સુરેશ રૈના, મોહિત શર્મા, રોહિત શર્મા, યુવરાજસિંહ **બાંગ્લાદેશ ટીમ :** મુસફિકર રહીમ (કેપ્ટન) અબ્દુલ રઝાક, અમીન હુસૈન, અનામુલ હક, ફરહાદ રેઝા, મેમુદુલ્લા, એમ મુર્તઝા, મોમીનુલ હક, નાસીર હુસૈન, શબીર રહેમાન, સમશુર રહેમાન, શાકીબ અલ હસન, સોહાગ ગાઝી, તામીમ ઈકબાલ, ઝિયાઉરરહેમાન, રુબેલ હુસૈન

## સોનિયા ગાંધીની સામે ઉમાને ઉતારવા તૈયારી

રાયબરેલી, તા. ૨૭

રાયબરેલીમાં કોંગ્રેસને પર મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. ભાજપે પહેલાથી જ ઉમા



જોરદાર ટક્કર આપવાના હેતુસર ભાજપ સોનિયા ગાંધીની સામે શક્તિશાળી નેતા ઉમા ભારતીને ચૂંટણી મેદાનમાં ઉતારવાના પ્રયાસ કરી રહી છે. મળેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ઉમા ભારતીના નામ ઉપર વિચારણા ચાલી રહી છે. ઉમા ભારતીનો ઝાંસીના બદલે ઉત્તરપ્રદેશની રાયબરેલીની બેઠક ભારતીને ઝાંસી બેઠક ઉપરથી મેદાનમાં ઉતારવાની જાહેરાત કરી દીધી છે.

સૂત્રોનું કેહવું છે કે, ભારતીના રાયબરેલીથી બેઠક પરથી ચૂંટણી લડવાથી કોંગ્રેસ માટે મુશ્કેલી ઉભી થઈ શકે છે. બીજી બાજુ કોંગ્રેસ દ્વારા વારાણસી બેઠક પર નરેન્દ્ર મોદીની સામે કોઈ મજબૂત નેતાનો મેદાનમાં ઉતારવામાં આવે તેવી શક્યતા છે. યોગગુરુ બાબા રામદેવે પણ રાયબરેલીમાંથી ઉમા ભારતીની ઉમેદવારીને સમર્થન આપ્યું છે. આ સંદર્ભમાં પાર્ટીના ટોચના નેતાઓમાં વાતચીત ચાલી રહી છે. રામ દેવે કહ્યું હતું કે, તેઓએ ઉમા ભારતીનો રાયબરેલીમાંથી મેદાનમાં ઉતારવા રજૂઆત કરી ચુક્યા છે. જો કે, આ સંદર્ભમાં તર્ક વિતર્કોનો દોર ચાલી રહ્યો છે. ઝાંસીમાંથી ચૂંટણી મેદાનમાં ઉમા ભારતીને ઉતારવાની જાહેરાત થઈ ચુકી છે. આવી સ્થિતિમાં હવે નવેસરથી વિચારણા થશે કે કેમ તેને લઈને સસ્પેન્સની સ્થિતિ છે.

**ગેલેક્સી એસ-૫ની કિંમત ૫૧૦૦૦થી શરૂ થશે**

## દેશભરમાં ગેલેક્સી એસ-૫ લોંચ : ૧૧મીથી મળી શકશે

નવી દિલ્હી,તા. ૨૭

સેમસંગ ગેલેક્સી એસ-૫ ભારતમાં લોન્ચ કરી દેવામાં આવ્યા છે. આ ફોનમાં અનેક સુવિધાઓ રહેલી છે. સેમસંગે જાહેરાત કરી છે કે, કંપનીના ફ્લેગશીપ એન્ડ્રોઇડ ફોન ગેલેક્સી એસ-૫ લોકોને ખુબ ગમી જશે. સેમસંગે કહ્યું છે કે, ગેલેક્સી એસ-૫ની કિંમત ૫૧૦૦૦ અને ૫૩૦૦૦ની વચ્ચે રહેશે. ૧૧મી એપ્રિલથી ભારતમાં આ ફોન ઉપલબ્ધ બનશે. જો કે, ૧૫૦૦ રૂપિયાની ચુકવણી કરીને આઠ શહેરોમાં પસંદગીના રિટેલર અથવા તો સેમસંગ ઈન્ડિયા ઓનલાઈન સ્ટોર મારફતે ફ્રી ઓર્ડર ગ્રાહકો આપી શકે છે. સેમસંગે કહ્યું છે કે, ગેલેક્સી એસ-૫ના પ્રી ઓર્ડર અંગે વધુ માહિતી ગેલેક્સી એસ-૫ જાહેરાતો મારફતે મેળવી શકાય છે. આ જાહેરાતોમાં ટુંકમાં જ તમામ વિગતો આપવામાં આવશે. ભારતમાં ગેલેક્સી એસ-૫ ચાર કલરમાં ઉપલબ્ધ રહેશે જેમાં બ્લેક,વ્હાઈટ, બ્લુ તથા ગોલ્ડમાં ઉપલબ્ધ રહેશે. ગેલેક્સી એસ-૫માં ઘણી વિશેષતાઓ રહેલી છે. લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને આ ફોન તૈયાર કરવામાં આવ્યો છે. આમા નવી ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. ટોપ ગેલેક્સી ફોનની અગાઉની આવૃત્તિની જેમ જ સેમસંગ નવા ફોનને પણ નવી રીતે વેચશે. ગેલેક્સી એસ-૫ હાઈએન્ડ ફોન છે. આ સાધનમાં ૧૬-૩૨ જીબી ઈન્ટરનલ સ્ટોરેજ ક્ષમતા છે. ૬૪ જીબી માઈક્રોએસડી સુધી સપોર્ટ કરી શકે છે. ફોનમાં ૫.૧ ઈંચના સુપર અમોલ્ડ સ્ક્રીન છે. ૧૦૮૦-૧૯૨૦ રેજ્યુલેશન ફિક્સલની વ્યવસ્થા છે. ૧૬ એમપી પ્રાઈમરી કેમેરા છે. ૨ એમપી ફ્રન્ટ કેમેરા છે. ટુજીબી રેમ છે. એન્ડ્રોઈડ ૪.૪.૨ દ્વારા સંચાલિત છે. આમા ત્રણ ચાવીરુપ વિશેષતા રહેલી છે જેમાં ફિંગરપ્રિન્ટ સ્કેનર, હાર્ટરેટ સેન્સર અને વોટર અને ડસ્ટપ્રુફ છે.

## ભાજપને ૨૭૨ કરતા વધારે બેઠકો મળશે : રાજનાથસિંહ

લખનૌ,તા. ૨૭

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહે આજે મુઝફ્ફરનગર રમખાણ ઉપર ઉત્તરપ્રદેશની સરકારની સુપ્રીમ કોર્ટ દ્વારા જોરદાર ઝાટકણી કાઢવામાં આવ્યા બાદ આજે કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશની સમાજવાદી પાર્ટી સરકારે નૈતિકતાના આધાર ઉપર રાજીનામુ આપી દેવું જોઈએ. સિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સામાન્ય ચૂંટણી ભાજપની ૨૭૨ કરતા પણ વધારે બેઠકો મળશે. તેમણે ઉમેર્યું હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા આજે આપવામાં આવેલી ટિપ્પણીમાં મુઝફ્ફરનગરના રમખાણો માટે સ્પષ્ટરીતે સમાજવાદી પાર્ટીને દોષિત ઠેરવવામાં આવી છે. કોર્ટના ચુકાદાથી સાબિત થઈ ગયું છે કે, આ હેતુ માટે ઉત્તરપ્રદેશ સરકાર જવાબદાર છે. સમાજવાદી પાર્ટી સરકારમાં નૈતિકતા રહી નથી.રાજનાથે કહ્યું હતું કે, આ એજ લોકો છે જે ૧૨ વર્ષ અગાઉ ગુજરાતમાં એક રમખાણ માટે નરેન્દ્ર મોદીને દોષિત ગણે છે પરંતુ ઉત્તરપ્રદેશ સરકારના રાજીનામાની માંગ કરતા નથી. બીજી બાજુ તપાસ સમિતિ અને સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી એસઆઈટી તરફથી નરેન્દ્ર મોદીને ક્લિનચીટ મળી ચુકી છે. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, ભાજપમાં ક્યારેય પણ ભાગલા પડ્યા નથી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, જશવંતસિંહ પોતાના નિર્ણય પર ફેર વિચારણા કરશે. રાજનાથસિંહે એમ પમ કહ્યું હતું કે, કેજરીવાલના કોઈપણ આરોપનો જવાબ આપવા ઈચ્છતા નથી. કોંગ્રેસી સરકાર તમામ મોરચે નિષ્ફળ રહી છે. કોંગ્રેસના લીધે દેશમાં ભ્રષ્ટાચાર અને ગરીબીને પ્રોત્સાહન મળ્યું છે. બે વર્ષ અગાઉ ધાંધલ ધમાલ વચ્ચે ઉત્તરપ્રદેશમાં અખિલેશ સરકાર બની હતી. આ પ્રસંગે રાજનાથસિંહની સાથે લાલજી ટંડન અને અન્ય નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સમાચાર ઝલક

- પેટ્રોલ ભાવમાં એક રૂપિયાનો ઘડાટો તથા ડીઝલમાં ૫૦ પૈસાનો વધારો થશે.
- શ્રીનિવાસનાં રાજીનામા વગર આઇપીએલ મેચ ફિક્સીંગની સાચી તપાસ શક્ય નથી : સુપ્રીમ કોર્ટ.
- ગોરખપુરમાંથી બે પાકિસ્તાની આત્મઘાતી હુમલાવરોને પકડવામાં આવ્યા, નરેન્દ્ર મોદી હતા ટાર્ગેટ.
- મહેસાણા નજીક પાલોદર ગામે શુકન મેળાનો આજથી પ્રારંભ થયો.
- પોરબંદરના દરિયા કિનારે 'પ્રગતિ બોટ' ડુબી, ખલાસીઓને બચાવી લીધા.
- સુરતનાં ૭૦૦ કરોડનાં હવાલા કૌભાંડમાં અનેક કંપનીઓ ફસાઇ છે.
- પાકિસ્તાન ટેસ્ટ ક્રિકેટર પારસી રૂસી દિનશાનું કંગાળ હાલતમાં ૮૬ વર્ષની વયે નિધન.
- રજામાં આવકવેરો ભરવા આયકર ખાતાની ઓફિસો ખુલ્લી રહેશે.
- વિશ્વ રંગભૂમિ દિવસની ઠેર ઠેર ઉજવણી કરાઇ, સિનીયર નાટ્ય સમ્રાટોનું અભિવાદન કરાયું.
- આગામી વર્ષથી ધોરણ-૫માં એક પણ વિદ્યાર્થી નાપાસ નહીં થાય, પ્રજ્ઞા પ્રોજેક્ટનો અમલ થશે.
- બગોદરા પાસે ઇનોક્સ, વિંગ કંપનીમાં ભીષણ આગ.
- ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને મળવા માટે ઓછા લોકો આવે છે.
- ૧૦ વર્ષથી અનઓપરેટ રહેલા બેંકખાતાઓની રકમ બેંકોને સોંપી દેવા રિઝર્વ બેંકનો હુકમ.
- ભૂજમાં મામલતદાર કચેરીમાં ભીષણ આગ, મહત્ત્વના રેકોર્ડ બળીને ખાખ.
- એસ.ટી. બસો હવે અધિકૃત કરેલી હાઇવે હોટલો પર જ સ્ટોપ કરાશે.
- સોના-ચાંદીમાં ફરી મંદીનો માહોલ, ખરીદીમાં પણ મંદી.
- બીજી બેંકોના એટીએમમાંથી નાણાં ઉપાડવાનું મોંઘુ થશે, સુચિત દરખાસ્ત વિચારણા.
- ૨૦૧૪નું વર્ષ સિંહો માટે ઘાતક, અઢી માસમાં નવ સિંહોમાં મોત.
- ચૂંટણી સમયે અમદાવાદમાં લઘુમતી વિસ્તારોમાં પોલીસ કોમ્બીંગથી લઘુમતી સમાજમાં ભારે રોષ.
- ચંદીગઢ વિમાની મથકે આગ લાગી.

## સુષ્મા આગામી નાયબ વડાપ્રધાન બની શકે છે

ભોપાલ,તા. ૨૭

સામાન્ય ચૂંટણી પહેલા ભાજપમાં વધુ ચર્ચા જગાવે તેવા એક ઘટનાક્રમમાં મધ્યપ્રદેશના પ્રવાસ પ્રધાન સુરેન્દ્ર પટવાએ આજે કહ્યું હતું કે, જો કેન્દ્રમાં ભાજપ સત્તા ઉપર આવશે તો સુષ્મા સ્વરાજ નાયબ વડાપ્રધાન બની શકે છે. પ્રધાને કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણીમાં ભાજપ શાનદાર દેખાવ કરનાર છે. પ્રધાન ભોપાલથી ૧૦૦ કિલોમીટરના અંતરે સ્થિત રાયસેન જિલ્લામાં બડી ખાતે એક સભામાં આ મુજબની વાત કરી હતી. પટવાએ રાયસેન જિલ્લામાં અન્ય એક રેલીમાં પણ આકરા પ્રહારો કર્યા હતા અને કોંગ્રેસ સરકારની ઝાટકણી કાઢી હતી. સુરેન્દ્ર પટવા છેલ્લા થોડાક દિવસમાં કેટલીક વખત કહી ચુક્યા છે કે, સુષ્મા સ્વરાજને મોટી જવાબદારી સોંપવામાં આવશે. આ પ્રધાન મધ્યપ્રદેશ વિધાનસભામાં ભોજપુર બેઠકનું પ્રતિનિધિત્વ કરે છે. મતદારો સમક્ષ આગામી સંભવિત નાયબ વડાપ્રધાન તરીકે સુષ્માને રજૂ કરતા પ્રધાને કહ્યું હતું કે, તેમના સૂચનો આ મત વિસ્તારમાં ભાજપના કાર્યકરોની ભાવના દર્શાવે છે. આ મતવિસ્તારે કેટલાક શક્તિશાળી નેતાઓને ચૂંટી કાઢ્યા છે. પટવા રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સુંદરલાલ પટવાના ભત્રીજા છે.

**સુબ્રતા રોયના વકીલની સુપ્રીમ કોર્ટમાં રજૂઆત**

## જામીન માટે સહારા ૧૦૦૦૦ કરોડ રૂપિયા ન જ ચુકવી શકે

નવી દિલ્હી,તા. ૨૭

સહારાના વડા સુબ્રતા રોયને હજુ ત્રીજી એપ્રિલ સુધી જેલમાં જ રહેવું પડશે. કારણ કે સહારાએ કહ્યું છે કે, જામીન માટે કંપની ૧૦૦૦૦ કરોડ રૂપિયા ચુકવી શકે તેવી સ્થિતિમાં નથી. જામીન માટે બાંહેધરી તરીકે ૧૦૦૦૦ કરોડ રૂપિયા જમા કરાવવા કંપનીને સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો હતો. ત્રીજી એપ્રિલના દિવસે મામલામાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે ત્યાં સુધી



સુબ્રતા રોયને જેલમાં રહેવું પડશે. સહારાના વડા સુબ્રતા રોયના વકીલે કોર્ટ સમક્ષ કહ્યું હતું કે, તેમની મુક્તિ માટે બાંહેધરી તરીકે બેંક ગેરન્ટીમાં ૫૦૦૦ કરોડ અને રોકડમાં ૫૦૦૦ કરોડ જમા કરાવવાની બાબત અશક્ય છે. સુપ્રીમ કોર્ટે ગઈકાલે કહ્યું હતું કે, સહારા ગ્રુપના વડા સુબ્રતા રોય ૧૦૦૦૦ કરોડ રૂપિયાની ચુકવણી કરીને તિહાર જેલમાંથી બહાર આવી શકે છે. આ ૧૦૦૦૦ કરોડ પૈકીની અડધી રકમ કોર્ટમાં જમા કરવામાં આવશે અને બાકીની રકમ બેંક ગેરન્ટીમાં માર્કેટ રેગ્યુલેટર પાસે રહેશે. મુડીરોકાણકારોને ૨૦૦૦૦ કરોડ રૂપિયાની ચુકવણીના ભાગરુપે આ રકમ જમા કરવામાં આવનાર છે. જસ્ટિસ કેએસ રાધાકૃષ્ણન અને જેએસ કેહરની બેંચે સહારા ગ્રુપની ફેર ચુકવણી દરખાસ્તને ફગાવી દીધી હતી. આ દરખાસ્તમાં ૨૫૦૦ કરોડ રૂપિયાની ચુકવણી કરવાની તૈયારી દર્શાવવામાં આવી હતી અને બાકીની રકમ ઈન્સ્ટોલમેન્ટમાં આગામી વર્ષે ૩૧મી માર્ચ સુધી જમા કરવા કહેવામાં આવ્યું હતું. કોર્ટ રૂમમાંથી બહાર આવ્યા બાદ કેટલીક પ્રતિક્રિયાઓ સાંભળવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સહારાની તકલીફ હજુ યથાવત રહે તેવી શક્યતા છે. સુબ્રતા રોયની પ્રતિષ્ઠાને આના કારણે મોટો ફટકો પડ્યો છે.

## સુપ્રિયાની પાસે ૩૧.૬૨ કરોડની સંપત્તિ : રિપોર્ટ

પુણે,તા.૨૭

બારામતીમાંથી એનસીપીના ઉમેદવાર સુપ્રિયા સુલેએ ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરેલી એફિડેવિટમાં ૩૧.૬૨ કરોડની કુલ સંપત્તિ જાહેર કરી છે. સુપ્રિયા સુલે એનસીપીના વડા શરદ પવારની પુત્રી છે અને વર્તમાન સાંસદ તરીકે છે. પરિવારની કુલ સંપત્તિ ૧૧૩.૮૭ કરોડની આસપાસની છે. પરિવારમાં સુપ્રિયા, તેમના પતિ અને બે બાળકોનો સમાવેશ થાય છે. આ સંપત્તિમાં બેંક ડિપોઝિટ, જ્વેલરી, જમીન અને આવાસની સંપત્તિનો સમાવેશ થાય છે. રસપ્રદ બાબત એ છે કે, સુપ્રિયા અને તેમના પતિના નામ ઉપર કોઈપણ કાર નોંધાયેલી નથી. આ ઉપરાંત તેમના નામ ઉપર કેટલીક એવી બાબતો છે જે આશ્ચર્યજનક છે. સુપ્રિયા ૨૫૦૦૦ની રોકડ રકમ ધરાવે છે. એફિડેવિટમાં તમામ પ્રકારની સંપત્તિની માહિતી આપવામાં આવી છે. સુપ્રિયાએ પુણે જિલ્લામાં બારામતી મતવિસ્તારમાંથી લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત કરી હતી. સુપ્રિયાને ખુબ શક્તિશાળી નેતા તરીકે બારામતીમાં ગણવામાં આવે છે. અહીં એનસીપીનું વર્ચસ્વ રહેલું છે. તેમના સમર્થકોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે.



મુરાદાબાદ ખાતે શાળાના વિદ્યાર્થીઓએ લોકસભા ચૂંટણી ૨૦૧૪ મતદાર જાગૃતિ અભિયાનમાં ભાગ લીધો હતો અને મતદાન આપનો અધિકાર ઉપરાંત અનેક બાબતો ઉપર લોકોનું ધ્યાન દોર્યું હતું.

**ધ કોફી હાઉસ** (પાના નં.૪નું ચાલુ...)

બાય ધ વે, ભારતમાં ગાંધી ના નામે ઘણા નગરો છે....તમે જયાંથી લડો છો એ ગુજરાતનું ગાંધીનગર હશે એની તો તમને ખબર હશે એવું અહીનો મતદાર ધારે છે...! કદાચ પ્લેન માં તમે ક્યાંક જતા હો અને તમારા સહયોગી એ આંગળી ચીંધી બતાવ્યું હોય, લૂક સર, ધેટ પ્લેસ ઈસ કોલ્ડ ગાંધીનગર

ગાંધીનગર?

યસ સર..જયાંથી તમે સતત ચુનાવ જીતો છો.

ઓહ યા..યાદ આવ્યું ...થેન્કસ ટુ રીમાઈન્ડ મી...આ શું છે નાનપણ માં એલિસ ઈન વન્ડર લેન્ડ વાંચેલીને ત્યારથી કાલ્પનિક શહેર કે ઈમેજીનરી સીટીનો કોન્સેપ્ટ મગજમાં બેસી ગયો છે...જતા વાર લાગશે.

હેપન્સ સર....ગેટ વેલ સુન સર ....

એટલા માં એક નર્સ આવી, સર ...ડોકટરે કહ્યું છે ને કે રેસ્ટ કરો.. આ લો તમારી જાગવાની ગોળીઓ...

ઓહ...થેન્કસ....મને જરૂર હતી

...અને પછી પ્લેન દિશા વગર ના આસમાન માં ખોવાઈ ગયું!

હે ? અપુન કે નેતા લોગ ઐસે કયું ?

જન ગણ મન.....અધિનાયક જય હે ...

ભારત ભાગ્ય વિધાતા

- ch9723367947@yahoo.com